કીશોર-પ્રવાસ.

ભાગ ૧ લો.

કર્તા.
મા. રે. રાવળ.

ઠક્કર. શ્યામજી માધવજી માનસાતા આશ્રિત સીરીઝ નં. ૨

ૐ

નૉવેલ.

કીશોર-પ્રવાસ

ભાગ ૧ લો.

યાને

ઉત્તમ ક્ષત્રિય કુલોત્પન્ન રાજકુમાર.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મોહનલાલ રેવાશંકર રાવળ.

નિવૃત્તિસ્થાન વઢવાણ શહેર.

પ્રવૃત્તિસ્થાન મધ્ય પ્રદેશ મુખ્ય સ્થળ.

भवन्तु सदा आर्य लोकाय वीराः
दया धर्म श्रद्धान्विता प्रेम युक्तः ।
नरा नार्य बाला महावीर युक्ताः
चतुर्वेद शब्दान् वदन्तु प्रसन्नाः ॥

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૬૭. સને ૧૯૧૧.

મુલ્ય:—પાકું પુંઠું રૂપિયો એક.
કાચું પુંઠું બાર આના.

અમદાવાદ
" યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ " ટંકશાળમાં
મોતીલાલ શામળદાસે છાપ્યું.

ઠકર. શામજી માધવજી માનસાતા.

બાલંભાવાસી.

ગ્રંથાર્પણ.

શ્રીયુત્ શેઠ શામજી માધવજી માનસાતા !

માનવંતા સાહેબ ! ! !

उद्दार धार्मिक दयापरेण, निःस्वार्थिना प्रेमभरेण स्वेन ।
प्रह्यन्तु ते देशहिताय चार्याः ग्रंथः कृतः सुष्ठुरसेनूयुक्तः॥

આપ સાહેબે આ ઉછરતા લેખકને એક સ્ત્રીબો-ધક નૉવેલમાં જે અમુલ્ય મદદ આપી હતી તે ઉત્તેજને ઉત્સાહી બનેલી મારી હૃદય કલ્પનાએ આ ક્ષત્રિય કુલોત્પન્ન એક વીરનરનું ચારિત્ર્ય દર્શક નૉવેલ બનાવ્યું છે. તેનો પ્રથમ ભાગ આપજે પરોપકાર ઉદારતા સાથે વિદ્યા વિનોદિએ ભૂષિત હોઈ તથા આપની મારા પ્રત્યેની નિઃસ્વાર્થિ પ્રીતિના યોગે આપના નિર્મળપાદ પંકજમાં ધરૂં છું તો સ્વીકારી આભારી કરશો.

વિશેષ વિનંતિ કે આ પુસ્તકના પ્રારંભના અગ્રભાગે આપની પ્રતિમા રાખવાની આ સેવકને પરવાનગી આપશોજી.

चरी कार्ति बरी भार्ति जरी हर्तिच लीलया ।
तव कुलस्य वृध्यर्थ मस्तु देवो महेश्वरः ॥

ગોરેવાલા તળાવ.
વૈશાક વદિ ૮ ચંદ્રવાર
તા. ૨૫-૫-૧૧

વિનંતિ આપનોજ
મોહનલાલ રેવાશંકર રાવળ.
ગ્રંથ કર્ત્તા.

પ્રસ્તાવના.

આ પુસ્તકની વસ્તુ સાંકળના આજથી ત્રણ વરસ પહેલાં હાથ લાગેલ હતી; પરંતુ ઉદર નિર્વાહશાર્થે કામોની પ્રબળતાએ વાક્યરચનાએ વસ્ત્રાચ્છાદિત કરતાં આટલો કાળ ગયો વિશેષ કારણમાં મારી સાધારણ સ્થિતિના યોગે છપાવવાનું ખર્ચ એકઠું થઈ શક્યું નહિ. આખરે બાલંભાનિવાસી શ્રીયુત્ શેઠ શામજી માધવજી માનસાતા કંટ્રાકટર જેઓશ્રીની પરોપકાર વૃત્તિની મદદથી હું સંસાર શોધક નૉવેલ "સુબોધ—સુમતગૌરી" નું પ્રગટ કરી શકયો હતો; તેઓશ્રીના તરફથી છપાઇ ખર્ચ ઉત્તેજનાર્થે મળતાં મારા જ્ઞાનના પ્રમાણની અંતરોમિ પ્રગટ કરી શકયો છું. તેથી આ લઘુનૉવેલ વાંચકના હાથમાં આવ્યું તે માન મે. શામજીભાઇને આપવું ઘટે છે આવા વિદ્યાઉત્તેજક પરોપકારી નર આ માતૃભૂમિમાં જાદે ઉત્પન્ન થઇ; સુખ શાન્તિ અને આબાદીએ અચળ રહો.

નવલકથાના કર્ત્તાએ જગતમાં બનેલા અને બનતા બનાવોનો પૂરો ખ્યાલ દ્રષ્ટાંતસહ આપવો જોઇએ, તેમ આ પહેલા ભાગમાં કેટલીક જગ્યોએ થઇ શકયું નથી તેમ શુદ્ધ ગુજરાતી ભાષાલિપિમાં પણ અયોગ્યતા હશે તેને માટે વિદ્વદ્જનોના સમુદાએ માફી આપવા વિનંતિ છે. પરંતુ સ્થળ ભાષાની યોગ્યાયોગ્ય માટે સૂચના આપી આ ઉછરતા લેખકને સહાનુભૂત થવા અરજ છે.

કયા કયા મુદ્દા ઉપર મારી લેખિની ચાલી છે તે વાંચક વર્ગ સહેજ જાણશે તો તેને માટે આંહી થોડો પણ ખ્યાલ દેવો એ અયોગ્ય સમજી લાંબી પ્રસ્તાવના કરવા ધારતો નથી.

મીતી ૧૯૬૭ના નિર્જલા એકાદશી.

વિનંતિ

કર્ત્તા.

અનુક્રમણિકા.

—×—

श्री गणेशाय नमः

ॐ

કીશોર-પ્રવાસ.

ભાગ પહેલો.

પ્રથમ પરિચ્છેદ.

એક પ્રવાસી.

પૂર્વ પશ્ચિમ સાગરના કિનારાને અડકતી અતિ વિસ્તીર્ણ અરણ્ય ભૂમિનાં, વનગજોનાં ટોળાનું મદજલ છંટાયાથી ઉછરેલ અને ઊંચાઇને લીધે તારાગણ જેવા દેખાતા અતિ મોટાં વૃક્ષોને લીધે સૂર્ય—ચંદ્ર પૃથ્વી ઉપર છે કે નહિ, તેનું સંશય કરાવનાર; ઉન્માદ હાથી હાથણીઓના તોફાનથી તેઓની સુંઢ તથા પગવડે ચૂરેચૂરા થઇ આડા પડી ગયેલા અનેક વૃક્ષ જથામય ઢગ થઈ, વૃક્ષોના પાંદડાં, ડાળાં, ફળફૂલને લીધે રસ્તો હશે કે નહિ; પ્રાણીઓ સંચરતાં હશે કે નહિ, તેનો ભ્રમ કરાવનાર, જેણે મેરૂ પર્વતની ઇર્ષાને લીધે પોતાનાં હજારો વિકટ શિખરને ગગનતલ સુધી પસારી દીધેલ છે એવા સર્વત્ર અંધકાર વ્યાપેલા ભયંકર અરણ્યના મધ્ય ભાગમાં થઇ એક મુસાફર અશ્વારૂઢ થઇ ખીજવહને ચાલ્યો જાય છે. તેના મુખપરથી તથા શરીરના નિઃચેષ્ટ અવયવોપરથી જાણે તે ભાનુ વિયોગી અશ્વિનીકુમાર હોયની ! જાણે મહાદેવના કોપથી બળી ભસ્મ થયેલ અનંગ પોતાનું બીજું અંગધારી આ અઘોરવનમાં રતિવિયોગથી પીડાતો અને તેને શોધતો વ્યગ્રચિત્તે ભમતો હોયની ! જાણે દમયંતીના વિયોગ ભયથી ભ્રમિત થયેલ નળરાજા હોયની ! શ્રી કૃષ્ણ-

ચંદ્રને શોધતો પારથ હોયની ! એવો પેલો મુસાફર પોતાની અસિની મુઠપર જમણો હાથ રાખી, પછવાડે ઢાલ બાંધી, કેડે મજબુત કટાર ખોશી; અશ્વની લગામ છુટી મુકી દઇ, અશ્વ કયે રસ્તે જાય છે? મારે કયે રસ્તેથી જવું છે? તેની કાંઇ પણ સ્પૃહા રાખ્યા વિના અશ્વ સ્વઇચ્છાએ ચાલે તેટલી ગતિએ ચાલતો તે તરૂણ મુસાફર રસ્તો કાપતો ચાલ્યો જાય છે.

મુસાફરના પહેરેલાં વસ્ત્રો ઉપર, અને દાઢી મૂછપર પડેલ રસ્તાની રજ ઉપરથી, અશ્વના બન્ને પગ વચ્ચેના વળેલા ધોળા દૂધ જેવા પરશેવાપરથી, ઘોડાના પગની રૂંવાટીમાં, કેશવાળીમાં અને પુંછડામાં ચોંટેલ રજકણો ઉપરથી, તેના મોઢામાંથી જમીનપર પડતા ઉષ્ણ ફીણના ગોટાપરથી, અને તેના ચાલતા ઉગ્ર શ્વાસોચ્છ્વાસ ઉપર ચોકસ અનુમાન થતું હતું કે આ બંને પ્રાણીઓ ઘણે વેગળેથી વિશ્રામ લીધા સિવાય ચાલ્યા આવે છે. અશ્વ પોતાની શક્તિ ઉપરાંત પંથ કાપી, હવે પોતાના ધણી પાસે આરામ આપવા સારૂ યાચના કરતો હોય તેમ ધીમે ધીમે પગલે ચાલ્યો જાય છે. મુસાફર પણ “વ્યાકુળ ચિત્તે, અથાગ શોક સાગરમાં ડુબેલ હોય તેમ દીગ્મુઢ બની, પોતે અશ્વપર છે કે નીચે છે. ઉંઘે છે કે જાગૃત છે, અશ્વ ચાલે છે કે સ્થીર છે એ કઇ દિશાએ વિચરે છે, રસ્તો છે કે નથી, પોતે રણમાં છે કે અરણ્યમાં,” આ કાંઇ પણ જાણ્યા સિવાય અન્ય વિચારમાંજ મશહુર છે એવામાં વિચારને લીધે બધિર થયેલી તેની શ્રવણેન્દ્રિયને, અંધ બનેલ નેત્રને વ્યગ્ર બનેલ મનને, શુન્ય બનેલ હાથને, પરાક્રમ છતાં બાયલા બનેલ અંતઃકરણને, એક વિકાળ અને ભયંકર વનરાજની આખા વનનાં વૃક્ષો સહિત જમીનને કંપાવનારી ત્રાડે, તેની સર્વ ઇન્દ્રિયોને સતેજ કરી.

મુસાફર વિચારરૂપી ઘોર નિદ્રામાંથી જાગ્યો. ત્યારે તેણે જાણ્યું કે હું અઘોર અંધકારમય ગુફામાં ચાલ્યો જાઉંછું કે મોટા બે પર્વતોની વચ્ચે આવેલી નહેરમાં જાઉંછું. આ વખતે રાત્રી હશે કે દિવસ, જ્યારે તેના અંગપરનાં કપડાં કાંટાવાળા વૃક્ષોની ડાળો સાથે અથડાવાથી ફાટેલાં જેયાં, પુષ્પ છોડના ફુલો પોતાના માથા ઉપર ખરેલાં, આમ્ર વૃક્ષની થતી આવતી મોહોરો ખરી, પોતાના અશ્વની કેશવાળીમાં ગુંચાયલી જોઇ તથા વિકાળસિંહને મધ્યાહન

સૂર્ય જેવી ભયંકર આંખો ફાડી સામે આવતો જોયો એટલે તત્કાળ ત્રણ દિવસના અન્નાહાર, ફળાહાર, ફુલાહાર કે જળાહાર વિનાના સત્તાહિન થયેલા જમણા હાથવતી તલવાર ખેંચી, ઘોડાપરથી છલંગ મારી નીચે ઉતરી. યમ સમાન બનેલા કેસરીસિંહ સામો લડાઇ કરવા તૈયાર થયો. સિંહ નીચો નમી છલંગ મારવા જાય છે કે તરતજ પેલા પ્રવાસીએ પોતાની તલવારના એકજ ઘાવથી સિંહના મસ્તિકને ધડથી જુદું પાડયું. અને પ્રવાસી તેના નાક, કાન, પુંછડી કાપી ઢાલના ભંડારીયામાં નાખી અશ્વપર ચડવાની તૈયારી કરે છે તેવામાં મદોન્મદ સિંહણ મોટી મોટી છલંગો અને ત્રાડ સાથે આવવા લાગી, જ્યારે પ્રવાસીની નજીક આવી ત્યારે તેની ગતિ પણ સિંહ માફક કરી અશ્વપર સ્વાર થઈ રસ્તે પડયો. તેણે જાણ્યું કે જો આ વનની અંદર લાંબો વખત લાગશે તો જરૂર જીવની હાની થશે. માટે જલદી આ વનનો અંત આવે તો સારૂં. આવા વિચારથી પોતાના પગની એડીઓવડે અશ્વને સુચવવા લાગ્યો કે જલદી પંથ કાપ. પણ તેનો આ પ્રયત્ન નિષ્ફળ ગયો. અશ્વ એટલો થાકી ગયો હતો કે તે અમુક રસ્તો પસાર કરી ધબ થઇને જમીનપર પડયો. ત્યારે પ્રવાસી વિચાર કરવા લાગ્યો. "અશ્વને મારી પેઠે ત્રણ રાત્રિ દિવસના ઉપવાસ થયા છે, વળી તેણે ઘણી મન્ઝલ કાપી છે. તેથી અત્યારે તદ્દન થાકી ગયો." એમ જાણી પોતાની તલવારવતી આસપાસ ઉગેલાં દ્રુમોને કાપી લાવી અશ્વને ખવરાવવા લાગ્યો. અરધી કલાકમાં અશ્વને કાંઇક વિશ્રાન્તિ મળી, પણ પાણી વિના ઘણું દુઃખ પામવા લાગ્યો. છેવટે ઘોડાએજ સ્વઇચ્છાએ જે સ્થળે જળચર પક્ષીઓ ઉડતાં હતાં તે તરફનો રસ્તો લીધો.

ગગનતલના રંગથી ભરેલા સલિલ જેવું અને વરૂણ દેવના દર્પણ જેવું એક અતિ મનોહર, દ્રષ્ટિને આલ્હાદ કારક સરોવર પેલા અશ્વ સમેત પ્રવાસીએ જોયું ત્યારે બંનેનો આનંદ અવર્ણનિય બન્યો સરોવરના કાંઠા નજીક જઇ અશ્વ ઉપરથી નીચે ઉતરી, પ્રવાસીએ પોતાના સખારૂપ અશ્વને પાણી પાયું. પોતાના મિત્રની–બંધુની–ચાકરની–ગરજ સારનાર ઘોડાને ઘુંટણભર પાણીમાં લઈ જઈ ખુબ ધમાર્યો અને પછી પાણીથી બહાર કહાઢી, પોતાની પાઘડીવતી ઘોડાનું બદન લુછયું પછી પાઘડીનો એક છેડો ઘોડાની ડોકે બાંધેલ

રસી સાથે બાંધી એક છેડો એક વૃક્ષના થડ સાથે બાંધી, અશ્વને સરોવરની આસપાસ ઊગેલાં દુમાંકુરને ચરવા છુટો કર્યો પોતે શૌચ ક્રિયા કરી આવી, સરોવરના સ્વચ્છ જળમાં સ્નાન કરી સંધ્યોપાસના કરી, જળ પીને પોતાની તૃષા શાન્ત કરી, થોડો આરામ લીધા પછી આમ્ર, અંજીર, દાડમી, ખજુરી, સીતાફળી, જામફળી, અને કદળીનાં ઉત્તમોત્તમ ફળો વીણી ચુંટીલાવી ભગવત્ અર્પણ કરી ક્ષુધા ટાળી અને પૃથ્વીરૂપ પલંગપર વૃક્ષની છાયારૂપ મચ્છરદાનીમાં શયન કરી શાન્ત અને વિશ્રાન્ત થયો.

અશ્વે પણ લીલું હરીયાળી સમાન ઘાસ ચરી પોતાનું ઉદર ભરી લીધું. પછી હણહણી પોતાના સ્વારને સૂચવતો હોય કે હવે હું વિશ્રાન્ત થઈ ચુકયો છું અને સતેજ થયોછું માટે ઉઠ તૈયાર થા અને મારી પીઠપર જીન કસી સ્વાર થા.

દ્વિતીય પરિચ્છેદ.

ઉલમાંથી ચુલમાં.

ઘોડાના ખોંખાર શબ્દો નિન્દ્રીત બનેલા મુસાફરના અંતઃકરણમાં પ્રગટ થતાં, તરત જાગૃત થયો અને વૃક્ષ થડ સાથે બાંધેલ પોતાની પાઘડીને છોડી, અશ્વને સરોવરમાં લઈ જઈ જળપાન કરાવ્યું પોતે પણ જળપાન કર્યું. પોતાની રેશમી પાઘડીને પાણીથી સાફ કરી, તડકે સુકવી પોતાના શીરે બાંધી, કપડાં વ્યવસ્થીત અંગધારણ કરી પુનઃ અશ્વારુઢ થયો. હવે કઇ તરફ જવું એ વિચારવા લાગ્યો. પોતે જે સ્થળેથી આવતો હતો તે તરફ ન ચાલતાં વિરૂદ્ધ પંથ પડયો. થોડે થોડે જંગલની ઘટ્ટા ઓછી થવા લાગી સૂર્ય તેજ બરાબર પ્રકાશમાન જણાયું એટલે તેનું અંતઃકરણ પણ પ્રફુલીત બન્યું. કેટલેક દિવસે આ ભયંકર અરણ્યની સીમા આવી, અને અશ્વ ઉપરથી પેલો મુસાફર દૂર નજર કરે છે તો એક મોટો નિઃશ્વાસ નાંખી પોતાના વિધિને ધિઃકારવા લાગ્યો. પોતે અરણ્યમાંથી છુટયો તો રેતી સમુદાય જોયો. ઉલમાંથી ચુલમાં પડવાનો ભાસ

જણાયો અને તેને લીધેજ પ્રવાસીનું હૃદય પોતાની જીંદગીની અવગણના કરવા લાગ્યું.

જ્યારે અરણ્ય અને રણના સીમાડા વચ્ચે પ્રવાસી આવ્યો અને અથાગ રેતીનો દરિયો કે જેમાં વિશ્રાન્તિ માટે વૃક્ષ એક પણ ન મળે, નવાણ તો ક્યાંથીજ દેખાય, આવું જોઈ વિચારવા લાગ્યો: "શું આ સહરાનું રણ હશે; કે અરબસ્તાન, અથવા ઈરાન સિંધ કે મારવાડમાંનું આ એક હશે? આ રણમાં પડવાથી કેટલે દિવસે ગામ ગામડું દેખીશ? ક્યાંથી રસ્તો લેવો? આટલામાં તો રસ્તો જણાતો નથી." આમ વિચાર કરતો અને રસ્તો ખોળતો તે મુસાફર રણ અને વનની સીમા વચ્ચે અટવાતો ફરવા લાગ્યો. પણ કોઈ જગાએથી રસ્તો મળ્યો નહિ. "ત્યારે શું આ વિકટ અરણ્યમાં પાછું ફરવું? અરે! તેમાંથી તો મહા મુશીબતે છુટયો છું ને પાછો જાઉં તો નક્કી વાઘ સિંહ વગેરે વનચર જાનવરનો ભક્ષ બનું. અરે! હવે આ દેહની આ આત્માને શી જરૂર છે? સર્વથા નિરર્થક છે. આવું મહાન્ દુઃખ ભોગવવાનું કારણ એક હલકી સ્ત્રીનું દુષ્ટ કર્તવ્યજ. અરે! સ્ત્રીઓ પુરૂષોની બુદ્ધિ કેવી નષ્ટ કરાવે છે! મેં પ્રથમથીજ તેને આવી રાક્ષસી મતિવાળી જાણી હોત તો હું તેના એટલા બધા પરિચયમાં આવત નહિ ખેર! થવાનું તે મિથ્યા કેમ થાય. અરે! મારાં વિધિજ આવાં હશે તેમાં નિમિત્તનો દોષ શા માટે કાઢું છું? પણ હે બેન! તારૂં શું થયું હશે? મારા ગયાનું જાણ તને થતાં તેં આત્મહત્યા તો નથી કરીને? બેન! તને અપર માતા કડ્ડાં વચનો કહેશે ત્યારે તને આશ્વાસન કોણ કરશે? બેન! મારા પ્રત્યેના તારા નિઃસીમ સ્નેહના યોગે તું તારા શરીર પર રીસ કરીશ નહિ. તારો સ્નેહ મને કોઈ દિવસ કોઈ સ્થળે અને કોઈ પ્રસંગે વિસ્મૃત થશેજ નહિ. બેન! દેવી સત્યવતી માતાની મૂર્તિ તારા હૃદયમાં ધારણ કરી મારો વિયોગાગ્નિ સમાવી તારા આત્માને શાન્તિ આપજે. બેન! હું નિરપરાધીને પરમ કૃપાળુ ન્યાયમૂર્તિ ન્યાય આપી જુઠા દોષમાંથી મુક્ત નહિ કરે? "**સત્યમેવ જયતિ**" આ મહા વાક્ય શું મારા પ્રત્યે ખોટું નીવડશે? ના. કાળાન્તરે પણ સત્યજ ટકશે. ભલે મારા પિતા સમક્ષ થોડા વખતને માટે હું પાપીષ્ટ દેખાઈશ પરંતુ આખરે સત્ય બેલી પ્રભુ થશેજ. માટે આ દેહને આત્માથી જુદો બળાત્કારે તો કરવોજ નહિ." આવી રીતે

અશ્વને આમ તેમ ફેરવતો દ્રષ્ટિમર્યાદા જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી લાંબી નજરે અરણ્ય રણુને જોતો, પેલા પંથી એ ઇશ્વરાધિન થઈ, ભર રેતીવાળા રણુમાં વગર રસ્તે જવાય ત્યાં જવાના નિમિત્તે ઘોડાને હંકાર્યો.

વાંચક! ઇશ્વર સત્યની કસોટી કરવામાં ખામી રાખતો નથી. દૈવ્ય પ્રતિકુળ હોય ત્યારે સર્વ રીતે પ્રતિકુળજ જણાય છે તેવી રીતે આ મુસાફરનુ થયું. તેણે એક દિવસ એક રાત્રી એક સરખી રીતે મજલે કાપી. અને બીજે દિવસ સવારથીજ ભુખ તરશ તથા થાકથી શીથીળ થવા લાગ્યો, ઘોડાના પણુ હાલ તેવાંજ હતાં. જ્યારે સૂર્ય ઉપર રહી નવે દિશામાં એકી સાથે પોતાના કર પ્રસારીને અતિ કષ્ટ કારક સંતાપ ઉત્પન્ન કરવાની ઇચ્છાએ ગગન તલની મધ્યમાં આવ્યો હતો; તડકાના રૂપમાં રવિ કિરણો ઉનો ઉનો રૂપા સમાન રસ ફેલાવવા માંડયો હતો; આ તપ કણીકાઓ શરીરને ભેદી અંદર પ્રવેશ કરતી હોય; દીશાઓ બળતી હોય; અને દ્રષ્ટિ વેગળે નજર કરવાને અશક્ત થવા લાગી; ભૂમિ દુઃસ્પર્શ થવા લાગી; માર્ગ ઉપર પશુ પક્ષી કે માનવનો અવર જવર બંધ થવા લાગ્યો; મહિષ વૃંદ તલાવની અંદર જળમાં ઉતરી અર્ધ પોપચાંની અંદર આંખની કીકી રાખી સુસ્ત બન્યાં; સરોવરના પંકમાં હાથી હાથણીઓનાં ટોળાં ક્રિડા કરવાં લાગ્યાં; પશુ પક્ષી માનવનાં અંતઃરણુ દિવસ પરિણામની ઇચ્છાએ સંધ્યા સમય જોવાને ઉત્સુક બન્યાં; તાપને લીધે દુર થતાં ઝાંઝવાને મહાન સરોવર અગર દરિયો સમજી તે જળથી તૃષા મટાડવાને મૃગોનાં યુથ આમ તેમ દોડાદોડ કરવાં લાગ્યાં ત્યારે આ પ્રવાસી તથા અશ્વ મહા વેરાન, ઉજ્જડ, નિર્જન, અને નિર્જલવાળા રણુમાં ભુખ થાક અને તૃષાતુર થઈ તેની શોધ કરવાને ઉત્સુક, ઘોડો ચાલે તેટલી ગતિએ ચાલતો, પોતાના વિધિ, ઇશ્વરી અગાધ શક્તિ,—માયાનુ અવલોકન કરતો, પોતે કોણુ? હાલ કયાં? થોડા દિવસ પહેલાં કયાં? આ એકા એક દુઃખ રૂપી ડુંગર ઢળી પડયા સાથે ખેટા આળ ચડયાના ભ્રમમાં, યત્કીંચિત્ ન અનુભવેલ દુઃખ છતાં મહાન કષ્ટ કે અનાહાર જળાહાર વિનાનો પ્રચંડ ગ્રીષ્મ ઋતુના અસહ્ય તાપને સહન કરતો ચાલ્યો જાય છે.

પ્રવાસી અત્યંત તૃષાતુર થયો ત્યારે તેણે વિચાર કર્યો. "આ

નિર્જલ રણમાં જળ ક્યાંથી મળશે? અને જ્યારે નહિ મળે તો નક્કી આ દેહનો અંત આવશે. ત્યારે શું કરવું? હું ક્ષત્રિય છું તેથી આ આફતી કાળને લીધે આ અશ્વને મારી, તેના રુધીરનું પાન કરૂં તો કેટલેક દરજ્જે શાન્તિ વળે. પણ આ અબોલ અને કૃતઘ્ની પ્રાણીને મારી, કયા ભવ સારૂ આ દેહને દોષિત કરવો? ના તેમ તો નજ કરવું. પૂર્વનાં કોઈ સંચિત વડે આવું મહાન્ કષ્ટ ભોગવું છું અને આ અધમ કૃત્ય કરી હવે પછી કોણ જાણે શી ગતિ થાય? આમ વિચાર કરતાંની સાથેજ પાણી વિના આંખમાં અંધકાર આવવાથી ચક્કર આવી એટલે આ રેતી સમુદ્રની ગ્રીષ્મ રૂતુના મધ્યાહ્ન કાળના સૂર્યના ઉગ્ર તાપથી અગ્નિની કણિકા સમાન તપેલી રેતીમાં અશ્વ ઉપરથી ચત્તો પાટ પડી ગયો. તે વખતે તેનું હૃદય ચૈતન્યહિન, શરીર બળહીન, અને સર્વેન્દ્રિયો બદ્ધ થઈ ગઈ. તેની પીઠ તપેલી રેતીથી દગ્ધ થઈ તેનો મુખચંદ્ર ક્રોધાગ્નિથી જાણે નિર્દય રવિને ઠબકો આપતો હોય તેમ લાલ તામ્રવર્ણ થયો.

અશ્વ પોતાના સ્વામિને પડેલો જોઈ પોતે રૂદન કરતો હોય તેમ તેની બંને આંખોમાંથી અખંડ અશ્રુધારા પડવા લાગી; અને પોતાના પરાક્રમી પણ અત્યારે વિધિ વસાત્ અશક્ત બનેલ માલિકની સેવા કરતો હોય તેમ પોતાના બે પગ પ્રવાસીની એક બાજુએ અને પછવાડેના બે પગ બીજી બાજુએ રાખી, તેના મુખ પર પડતાં સૂર્યના પ્રચંડ તાપને નિવારતો ઉભો રહ્યો. આખરે આ નિમકહલાલ અશ્વની પણ પેલા પ્રવાસી જેવીજ દશા થઇ પોતે પણ જળ વિના તરફડીયાં મારતો ધરણી પર ઢળી પડયો.

આ બંને નિર્દોષી અશક્ત પ્રાણીને સહાય કરનાર આવા ભયંકર રેતીના સમુદ્રમાં ઇશ્વર સિવાય બીજું કોઇ નહોતું. જેણે ટાઢ તડકો તે શું? જમીન ઉપર સુવાથી કેવું દુઃખ ઉપજે છે? પરદેશ તે કેવો હશે? પર્વત તે શી ચીજ હશે? રણ અરણ્ય કેવાં હશે? તેનો પુસ્તક દ્વારા યત્કીંચિત્ ભાસ હતો તેવા માણસને અગ્નિની જ્વાળા સમાન ધગધગતી પૃથ્વી ઉપર; ધગધગતી રેતીની તળાઇ ઉપર સુવાડયો. જે હજારો અશક્ત પ્રાણીઓનું રક્ષણ કરતો તે પોતેજ ભૂખ તૃષાએ પિડિત થઇ મૂર્ચ્છિત અવસ્થામાં પરમાત્માને શરણ જવાની તૈયારીમાં પડેલો છે. જેનું ગળું પાણી વીના સુકાઇ જઇ, અન્ન વિના તરફડીયાં મારે છે; મોઢા ઉપરનું નૂર જતું રહી પડતા મધ્યાહ્નના સખ્ત તાપને

લીધે દાઝી શ્યામ પડી ગયું છે. આ વખતે આ માણુસની સ્થિતિ એટલે દરજ્જે દયાજનક થઈ ગઈ છે કે ત્યાં તેના પ્રાણદાતાને પરમ કૃપાળુ પરમાત્મા ન મોકલે તો પા કલાકમાં તેનો અવિચ્છિન્ન આત્મા પરલોક ગમન કરે. પરંતુ ઇશ્વર એટલો બધો નિર્દય કેમ હોય? સત્યવાનને પડેલ દુઃખ તે કેટલી હદ સુધી જોયા કરે? આ રણમાં વેગળે બે માણુસો ઉંટ પર સ્વાર થઇ પોતાના ધારેલા મુકામ સર ઉતાવળી કુચે જતા હતા. તેમાંના અગાડી બેઠેલ માણુસની દૃષ્ટિ આ તૃષાને લીધે ટળવળી મરણ શરણ થવાને તૈયાર મુસાફર તથા અશ્વપર પડી. એટલે તે પોતાની પછવાડે બેઠેલ આદમીને કહેવા લાગ્યો " ભાઇ! પેલે દૂર કોઇ માણુસ અને જાનવર તરફડીયાં મારતું હોય એમ જણાય છે. હું ધારૂં છું કે કોઈ આ રણનું અજાણ્યું હોઇ પાણી વિના દુઃખી છે."

"હા ભાઈ! મને પણ એમજ જણાય છે આપણે તરત ત્યાં જઈ આપણી પાસેનું પાણી પાઇ તેનો જીવ ઉગારીએ" બીજા સ્વારે કહ્યું.

જ્યારે બીજા સ્વારની અનુમતિ મળી એટલે આગળવાળા સ્વારે ઊંટને પેલા પ્રવાસી તરફ હંકાર્યો. નજીક આવી જોયું તો એક માણુસ અને અશ્વને મરણશરણ જવાની તૈયારીમાં જોયા. એટલે ઉંટને ઝુકાવી નીચે ઉતર્યા, અને પ્રવાસીના વિકાસેલા મોઢામાં પાણી રેડયું. થોડીવારે તેના ગાત્રમાં ઉતરી અંદર જતાં તેનું હૃદય ધડકવા માંડયું. એટલે પેલા ઉંટવાળાને જણાયુ કે જીવશે ખરો. એટલે તેઓમાંના એકે ફરી વખત પાણી પાયું તથા મોઢા ઉપર પાણી છાંટયું અને બીજાએ પવન નાખવા માંડયો.

"ભાઈ! આપણે પાણી તો પાયું પણ તે કોણ જાત હશે? તેની દેહ વટલાઇ તો ન ગણાયને?" ઉંટવાળામાંથી એક જણાએ બીજાને સવાલ કર્યો.

"તેની કરમાઇ ગયેલી કાન્તી છે પણ કુદરતી સૌંદર્યથી જણાય છે કે તે કોઇ રાજવંશીય અથવા ખાનદાન ક્ષત્રિય હશે. કોઇ પણ જાતનો હોય પણ આવા વખતે વટલવાનો દોષ બીલકુલ ગણાયજ નહિ." બીજાએ જવાબ આપ્યો.

"ખરેખર! આ કોઈ રાજપુત્રજ છે પણ એકલો કેમ આ

તરફ આવ્યો હશે ? શું પાસેના જંગલમાં શિકારે આવ્યો હશે ? અરે ! એ જંગલમાંથી તો હજી સુધી ગયેલું માણુસ બચ્યુંજ નથી. ત્યારે શું આપણા મહારાજાની કુંવરીના સ્વયંવરાર્થે આવતો હશે ? જો તેમજ હોય તો એકલો કેમ આવે ?" આવી રીતે એક પંથી બીજાને ઉદ્દેશી પોતાની ગુંચવણુ બતાવવા લાગ્યો.

"ભાઈ! એમ તેમ હોય. જો તેણે આંખ ઉઘાડી અને આપણી પાસે વધારે પાણીની માગણી કરતો હોય તેમ મુખ વિકાસ્યું. હું પવન નાંખું છું તું બતકમાંના પાણીની ધાર તેના મુખમાં કર." પેલાએ પોતાના સાથીને કહ્યું. એટલે પેલા દયાળુ પરોપકારી પંથીએ પ્રવાસીના મુખમાં પાણીની ધાર કરવા માંડી એટલે તેને કાંઈક શુદ્ધિ આવી. અને પોતાપર ઉપકાર કરનારનો આભાર માનતો હોય તેમ બંને હાથની હથેળીવડે સંપુટ કરી પોતના મુખ ચંદ્રપર ધર્યાં.

"ભાઇ! આપ કોણ છો ?" પેલા પ્રવાસી માંહિના એકે પ્રશ્ન કર્યો.

પ્રવાસીએ પ્રત્યુત્તરમાં પોતાનો હાથ ઉંચો કરી પોતાના હૃદયે ધર્યો અને પછી ચો દિશાએ આંગળી ફેરવી જણાવ્યું કે હું તેજ મહાન્ પિતાનો છોરૂ છું. મારે તેના સિવાય બીજું અન્ય સગું સ્નેહિ અત્યારે નથી. પછી તેણે પોતાનો હાથ મોં તરફ કરી ફરીથી પાણી માગ્યું. એટલે પેલાએ વળી પાણી રેડયું. તથા પોતાની પાસેના ખોરાકમાંથી અમુક ખોરાક તેને ખાવા સારૂ આપ્યો. પ્રવાસીએ તે ખોરાક ખાધો અને પાણી પીધું. એટલે પુરેપુરો શુદ્ધિમાં આવ્યો. એટલે પોતાના પ્રાણુદાતા પેલા બંને પંથીનો ઉપકારમાની વારંવાર પ્રણામ કરવા લાગ્યો

"ભાઇ ! અમોએ કાંઇ વિશેષ કર્યું નથી દરેક માણુસને આવા હૃદયદ્રાવક બનાવ વખતે દયા આવેજ એ સ્વભાવિક છે. આપ ઇશ્વરનો આભાર માનો કે તે દયાળુએ આવા વિકટ સમય ઉપર અમોને લાવી આણ્યા. અને અમને નિમિત્તરૂપ બનાવી આપના પ્રાણુ ઉગાર્યા. કર્ત્તા હર્ત્તા એ પરમાત્માની સ્તુતિ કરવીજ ઉચ્ચિત છે. આપનું નામ શું ? કયાં જતા હતા ?" પંથીએ પુછ્યું.

"દયાળુશ્રી ! આપને મારૂં નામ જાણવાથી શો ફાયદો થવાનો હતો ? હું એક દુઃખી હતભાગી મુસાફર છું. અને મારા મહાન રાજ્યમાં ફરવા નીકળ્યો છું. " નિશ્વાસ નાંખી પ્રવાસીએ ઉત્તર આપી પોતાના અશ્વપર દ્રષ્ટિ નાંખી.

"આપ કોઇ દેશના માલિક અગર રાજકુંવર જણાઓ છો આપનું રાજ્ય ક્યાં આવ્યું ?" પંથીએ વળી પુછ્યું.

"અત્યારે હું આ બધી દુનિયાનો રાજા છું. પર્વતના શિખરરૂપ મારૂં સિંહાસન છે; વૃક્ષનાં ડાળારૂપ મારાં છત્રો છે, કોયલ મેના મારી વારાંગના છે. ભૂંડ એ મારા ગજ છે પૃથ્વીરૂપી મારો પલંગ છે અને આ પાસેના બધાં વૃક્ષો મારાં દ્વારપાળ છે." પ્રવાસીએ ખીન્ન હૃદયે જવાબ દીધો.

"ભાઇ ! આપ ગમે તેમ બોલો પરંતુ તમારી કાન્તિ ઉપરથી, તમારાં વાક્યાતુર્યથી; તમારા હથીઆર ઉપરથી; તમારા અશ્વ, તેપરના તેનાં શણગારપરથી; અને શરીરના આવા શિરિષ કુસુમવત્ કોમળ અવયવો ઉપરથી જણાય છે કે આપ ઉત્તમ રાજ્યવંશીય છો. પણ કોઇ કારણને લીધે રાજ્ય છોડી આ મનસ્વી રાજ્ય સ્થાપ્યું છે. હશે જેમ હોય તેમ, અમારે આપની ગુહ્ય હકીકત જાણવાની જીજ્ઞાસા નથી પણ હવે આપ અમારી સાથે ચાલો આંહીથી આઠેક કોશપર આવેલા શહેરમાં તેડી જઇએ. ત્યાંથી આપની ઇચ્છાનુસાર સંચરજો નહિતો આ વેરાન રણમાં ગોથાં ખાઈ તમારો આત્મા દુઃખી થશે." એક પંથીએ પોતાની મનોર્મિ દર્શાવી.

"ભાઇ ! આપ બોલો છો તે ઠીક છે. પણ મારા આ કૃતજ્ઞી અશ્વને આવી સ્થિતિમાં તરફડતો મૂકી દઇ ચાલ્યો જાઉં તો ઇશ્વરી મહાન કોપનો ભોક્તા થાઉં. જો કે હાલની મારી સ્થિતિ એટલે દરજ્જે પ્રતિકુળ છે કે હું મારા આ વ્હાલા અશ્વનું રક્ષણ કરવાને કેવળ અશક્ત છું. તેથી તેની જીંદગી રહે એ ધારવું અશક્ય છે. પરંતુ તેને ભૂમિદાહ કર્યા પછી હું ચાલ્યો આવીશ. આપને મારા લીધે ઘણું મોડું થયું તેમે માટે માફ કરશો. આપ મને રસ્તો બતાવો એટલે તે રસ્તે હું ચાલ્યો આવીશ. આપે મને પ્રાણદાન આપ્યું છે તેમો બદલો હું કોઈ રીતે વાળી શકનાર નથી. ઇશ્વર તમારૂં ભલું કરેશે." મારી તમોને વિનંતિ છે તે એકે આ અશ્વ

મરણની અણી ઉપર છે. માટે તેનો સાજ આપને આપું છું તે સ્વીકારશો." એમ કહી; ગદગદીત કંઠે ધ્રુજતે હાથે અશ્વનો સામાન તેના ઉપરથી ઉતારી પેલા પંથીને આપવા લાગ્યો. હાના કહેતાં પેલા પંથીએ તે સામાન લીધો અને પેલા પ્રવાસીને શહેરનો રસ્તો બતાવતા તેઓ પોતાને રસ્તે પડ્યા.

વાંચકો! વિશાળ રેતી સમુદાયમાં હવે પ્રવાસી અને તરફડીયા મારતો તેનો અશ્વ આ બેજ રહ્યા.

" હે કૃતઘ્ન પ્રાણી! મારાપર પેલા પરોપકારી માણસોએ ઉપકાર કરી, મને નહિ પીછાનતા છતાં જળ ખોરાકથી મારા શરીરને બચાવ્યું પણ હું પાપી! મારા કહેવાતા અશ્વને પાણી ખોરાક આપવાને અશક્ત નીવડયો. મને એકે ઉપાય નહિ સુઝતાં તારા આ મહાન દુઃખને જોયા કરૂછું. હે પ્રભો! મારા આ અશ્વને આટલો બધો ન રીબાવતાં તત્કાળ જીવન્મુક્ત કર તો વધારે સારૂં કારણ હવે ઉગારવાને હું શક્તિવંત નથી. હે અશ્વ! તું આ પાપીનું વાહન શા માટે થયો? તને આ આટલું કષ્ટ દેનાર હુંજછું મારા લીધેજ તારો પ્રાણ જાય છે. છતાં હું તારા દુઃખને નિવારી શકતો નથી તે મને સહસ્ત્ર ધિકાર છે. પ્રીય અશ્વ! હવે તો તું મને આ રેતી સમુદાયમાં રઝળતો મુકી સદાને માટે ચાલ્યોજ જવાનો! અરે! હા! તેતો આ ચાલ્યો આ ડસકાં ભરે. અરે! વાચા વિનાના પણ પૂર્વ સંસ્કારે જ્ઞાન વાળા અશ્વ! હું તારા ઉપકારને ભુલીશ નહિ. તું તારા આત્માની શાન્તિ કર. તું પૂર્વનો મારો ઋણાંબંધ હોઇ મારા ઋણમાંથી સર્વથા મુક્ત થા. હે ઇશ્વર! હવે તું તેને તારા શરણ લે." આવી રીતે અશ્વ સમજતો હોય તેમ તેને ઉદ્દેશી પેલો પ્રવાસી બોલવા લાગ્યો. થોડા વખતમાં અશ્વનો આત્મા વિરામ પામ્યો. અને તેનું શરીર પંચત્વને પામ્યું. પછી પ્રવાસીએ રેતીમાં ખાડો કરી તેના શબ વત્ શરીરને ઢસડી તેમાં નાંખ્યું; પાછો રેતીથી તે ખાડો પુરી દીધો. આ વખતે તેને એટલું દુઃખ ઉપજ્યું કે જાણે કેમ પોતાનું અંગીત સગું અગર પ્રીય સ્નેહિ મરી ગયું હોય. તેમ મોટે સાદે રડી પડયો. પોતાનાં અશ્રુ પ્રવાહે પ્યારા અશ્વની મરણ શય્યા ઉપર ટાઢી ઠારી. જ્યારે તેનો શોક ભાર ઓછો થયો ત્યારે પેલા બંને પ્રવાસીએ બતાવેલ રસ્તો પકડયો. આ વખતે દિવસનો ત્રીજો પહોર વ્યતિત થઇ ગયો હતો. ફક્ત એક

પહોર બાકી રહ્યો હતો અને પગ રૂપી અશ્વ પર સ્વાર થઈ ચાલવાનું હતું, જેણે પા માઇલ પણ વાહન સિવાય મુસાફરી નહિ કરેલ તેને આઠ કોશ રેતી સમુદાયમાં પગવતી કાપવાના હતા તેથી ઉતાવળો ઉતાવળો ચાલવા લાગ્યો. જો રાત્રી થઈ જશે તો વળી મહા આફત આવી પડશે. અને રસ્તો હાથ લાગશે નહિ. આમ વિચારી જલદી ચાલતો જાય છે. રસ્તામાં ચાલતાં અનેક જાતના વિચાર ઉપરા ચાપરી આવે જાય છે; ઇશ્વરી મહાન લીલાનું મનથી દિગ્દર્શન કરતો જાય છે; જો મને આ દુઃખ ન પડયું હોત તો પાણી ખોરાક વિનો પ્રાણીઓને કેટલું કષ્ટ પડે છે તે બીજાના કહેવાથી મારા મનમાં પુરો ખ્યાલ આવત નહિ. હે છબીલસુંદરી માતા! હું તારો ઉપકાર માનું છું કે તારા લીધે, કદી ન અનુભવ થાત એવા અનુભવ મેળવું છું, હું કાંઇક ઓછો આસ્તિક હતો તે હવે પુરેપુરો આસ્તિક બન્યો. મહાત્માએ સંસારને દુઃખ રૂપ કહ્યો છે તે આવાં કારણને લીધેજ હશે. જો તેમજ હશે તો મારે ગ્રહસ્થાશ્રમી થવું નથીજ મારો આ વિચાર હતો અને હવે દ્દઢ થયો.

પેલો પ્રવાસી ઉપર પ્રમાણે વિચાર કરતો રસ્તો કાપે છે. રાત્રીના બાર વાગે રત્નાકરપુર શહેર નજીક આવી પહોંચ્યો આ વખતે સર્વત્ર અંધકાર વ્યાપી રહ્યો હતો સર્વ પશુ પક્ષી માનવોને નિદ્રાદેવીએ પોતાના કબજામાં લઈ લીધાં હતાં તે વખતે આ દુઃખી અને પ્રવાસને લીધે થાકી પોતે પણ નિદ્રાને આધિન થવાને ઉત્સુક પ્રવાસી, શહેરની નજીક અને પોતાની રસ્તાની બાજુમાં આવેલા એક બાગમાં તેના દ્વારમાં થઈ અંદર પેઠો. આ બાગનાં રક્ષકો અરધી રત્રિ વ્યતિત થઇ જવાથી ઝોલાં ખાઈ સુઈ ગયાં હતાં બાગના દ્વારના મધ્ય ભાગે એક ફાનસમાં ઝાંખો દીવો બળતો હતો આ મુસાફર તો જાણે આ બાગનો ભોમિયોજ હોય તેમ દરવાજાની બારીમાંથી અંદર પ્રવેશ કરી, બાગની મધ્યના જુઇના લત્તા મંડપની બેઠક પર જઇ સુઇ ગયો.

આવ્યા હોતતો શું વિપરિત થાત એ કલ્પના થઈ શકતી નથી" મદનમંજરીએ કહ્યું.

હેં ! ! પદ્મકુંવરી તમારી નણંદ થાય ? શું તમારા પતિ સદ્‌ગુણ શિરોમણિ પ્રેમ..........." યોગિની બોલતાં અટકી ગઈ.

હા હા માતૃશ્રી તેજ મારા પતિનું નામ છે. પદ્મકુંવરી મારાં નણંદ છે અને મહારાજાધિરાજ જ્ઞાનસિંહ રાજા મારા શ્વશુર અને સત્યવતી દેવી મારાં સાસુજી થાય છે. આપ મારા પતિને કેવી રીતે જાણો ?" મદનમંજરીએ પુછ્યું.

મારી વ્હાલી પુત્રી ! પ્રેમસાગર મારો શિષ્યછે. મને ઘણા પુજ્ય ભાવે જોઇ મારો આજ્ઞાકિંત શિષ્ય છે તેને મારા આ જ્ઞાનછબીથી વિશેષ વ્હાલથી ઇચ્છુંછું. શું તેની નીતિ ! શું તેનું પ્રમાણિક પણુ ગુરૂજન પ્રત્યે શું તેનો પુજ્યભાવ ! આ હા ! કેવી તેની વીરતા ! મેં મારી જીંદગામાં તેના સદ્‌ગુણો જેવો કોઈ ક્ષત્રિય દેખ્યોજ નથી ધન્ય છે પુત્રી તને ! કે તું તેની ધર્મ પત્નિ છો. બેન ! હાલ તેઓ કઇ જગ્યાને દીપાવે છે ?" યોગિનીએ મદનમંજરીને સવાલ કર્યો

"દેવી ! તેઓશ્રી હાલ કયાં વિચરે છે તેની મને જાણુ નથી ચાર વરસ થયાં મારાથી વિખુટા છે. એક પત્રિકાના દર્શન પણ આ અભાગી અબળાને થયાં નથી. આપ ભવિષ્ય જાણતા હોતો કૃપા કરી મને જણાવોને કે મારા સિરછત્રના દર્શન હું કયારે પામીશ ?" મદનમંજરી ગદગદીત સ્વરે યોગિનીને પુછતાં સાથે વિયોગાગ્નિએ પીડત થઇ મુર્છિત થઇ ગઇ.

"બેટા ! બેટા ! ગાંડી કેમ થાય છે ? થોડા વખતમાંજ તારા પતિનો મેળાપ ગુરૂ પ્રતાપે થશે હિમ્મત રાખ. ઇશ્વર સૌ સારૂં કરશે." યોગિનીએ પવન નાંખી ઠંડા ઉપચાર કરી મદનમંજરીને સાવધ કરી.

"માતુશ્રી ! હું ધર્મ વિધિએ તેઓશ્રીની અર્ધાંગના થયા પછી એક વરસ પણુ આનંદથી તેઓશ્રીની સાથે રહી શકી નથી. ઇશ્વર એટલે દરજજે શા કારણે પ્રતિકુળ હશે ?" મદનમંજરી રડવાલાગી

"બેન વખત થઇ ગયો છે માટે ચાલો જમી લઇએ. તેં તો સ્નાન પણુ નહિ કર્યું હોય, માટે સ્નાન ધ્યાન કરી લે. જ્ઞાનછબી ! બેન માટે સરોવરમાંથી પાણી લઈ આવ એટલે સ્નાન કરી શુદ્ધ થાય. પછી તો મારી સાથે સરોવરે સ્નાન કરવા લઈ જાઈશ.

સપ્તવિંશં પરિચ્છેદ.

સંભ્રમ.

બેટા ! પ્રેમસાગરના પિતાનું રાજ્ય મહાન્ છે છતાં પરાધિન સ્થિતિ ભોગવવાની મૂર્ખાઈ શા માટે કરતો હશે ? આંહી આવે તો હું તેને બરાબર સમજાવું." યોગિનીએ બીજા દિવસની નિવૃત્તિએ મદનમંજરી પાસે બેસી પુછવું શરૂ કર્યું.

"માતાજી ! તેઓએ પોતાના પિતાના રાજ્યમાં ન જવાની પ્રતિજ્ઞા લીધી છે. કદી ત્યાં ન જાયતો જેવી મરજી, પણ મારા પિતાનુ રાજ્ય ક્યાં નાનું છે ! મારા પિતા વૃદ્ધ થયાથી રાજ્ય ભાર ઉઠાવી શકતા નથી, મારે ભાઇ પણ નથી, તેથી તેઓશ્રીને વારસો સોંપવાનો છે. પણ કોઇ રીતે સમજતા નથી" મદનમંજરી.

"બ્હેન પિતાના રાજ્યમાં ન જવાની પ્રતિજ્ઞા ! એતો નવાઈ જેવું ! શું તેના પિતાએ દેશવટો આપ્યો છે ? તેનામાં કોઇ પ્રકારનું દુપણુતો નથી છતાં કેમ વિરોધ થયો !" યોગિનીએ પુછ્યું.

'પુજ્યાત્મા ! એ કારણ બહુ ભયંકર છે જગતમાં નહિ બનવા લાયક બનાવે મારા પતિ ભટકતી હાલત ભોગવે છે." મદનમંજરીએ નિશ્વાસ સાથે કહ્યું.

'બેટા ! એવો કયો બનાવ પ્રેમસાગર પ્રત્યે બન્યો હતો ?" યોગિની.

' માતુશ્રી એ હકીકત નહિ કહેવામાજ સાર છે. છતાં આપની આજ્ઞા થઇ તો સાંભળો. આ વાત કરવામા મારો ક્ષમારૂપી ગુણ તુટી તીરસ્કાર અને વેરભાવ પેદા થશે. તો પણ કહું છું. મારાં ધર્મસ્વરૂપ સૌભાગ્યવંતાં સાસુજી સત્યવતી પરલોક વાસી થયા પછી પ્રતાપસિંહ ઠાકોરની કન્યા નામે છબીલસુંદરી સાથે મારા સસરાએ સંબંધ જોડયો એટલે તે મારી અપર સાસુ થઇ. માતુશ્રી ! તે દુષ્ટનું નામ ઉચાર-

મારને પણ પ્રાયશ્ચિતરૂપ ક્રિયા, આ જગતમાં કોઇ વિદ્વાને નિર્ણય કરી નથી. પ્રતાપસિંહની ઉજ્જવળ કીર્તિને અને તેની માતાની કુખને એ દુષ્ટે કલંકીત કરી પોતાના પુત્રના રૂપ ઉપર મોહિત થઇ તેના વડે રતિસુખ લેવા તત્પર થઈ. જ્યારે જ્યારે મારા પતિ પોતાની અપર માતાને નમન કરવા જાય ત્યારે ત્યારે દુષ્ટ માતા તેઓને પોતાની છાતી સરસા દાબે ચુંબન કરે, અને અથાગ પ્યાર બતાવે પણ એ પ્યાર વિષય વાંચ્છિત છે એમ મારા રતિવિલાસથી અજ્ઞપતિ સમજી શકયા નહિ. પદ્મકુંવરીબા વખતો વખત સમજાવે કે તેનાં વધારે સહવાસમાં રહેવું નહિ પણ મારા પતિ પોતાની અપરમાતાના વ્હાલને સત્યવતી દેવી સમાન વાત્સલ્ય સમજતા હતા. જ્યારે યુવરાજ પદ મળ્યું અને સુંદર ડ્રેસે પોતાની માતાને નમન કરવા તેને મહેલ ગયા. ત્યારે તેનો મોહક ચ્હેરો જોઇ દુષ્ટાને કામદેવે પિડિત કરી એટલે સારાસાર વિચારને ભુલી જઇ ઘણો વખત ત્યાં ગુપ્ત રાખેલ હૃદય ઉર્મિ પ્રસિદ્ધ કરી. તેનું અધમ બોલવું સાંભળી મારા પતિ ઘણી નવાઇ પામ્યા. આ દિવસથીજ મારા પતિ કનકાવતી નગરીના નરેશ થયા હતા પણ રાજ્ય તુચ્છ માની જ્યાં આવી નીચ મહિલાઓ રહેતી હોય તે જગ્યાને અપવિત્ર માની રાતોરાત પોતાના અશ્વસમેત ચાલી નીકળ્યા." મદનમંજરીએ વૃત્તાંત કહ્યું.

'બેન પ્રેમસાગર કનકાવતીમાંથી ગયા પછી મહારાજાને જાણ ક્યારે થઇ? દુષ્ટ–કુલાંગાર અધમ છબીલસુંદરીનું પાપ શું છાનું રહ્યું? તે હાલ ક્યાં છે?" યોગિનીએ પુછ્યું.

"માતાજી! મારાપતિ ત્યાંથી નીકળ્યા પછી પછવાડે શું થયું અને મહારાજાને ક્યારે જાણ થઇ તેની મને ખબર નથી. પણ મારાં નણંદ કહેતાં હતાં કે તે દુષ્ટા છબીલસુંદરીનુ અધમ કૃત્ય પ્રગટ થયું એ પાપીએજ પોતાના પાપ કૃત્યની જાહેરાત આપી. એટલે કે પાછળથી તેને પણ ઘણો પસ્તાવો થતો હતો મહારાજાએ તેને પોતાની રાજ્યહદ છોડી ચાલ્યા જવાનું ફરમાન કર્યાથી નીચું મોં ઘાલી ત્યાંથી ચાલી ગઇ હતી ત્યાંથી જો કદી તેના માતાપિતા પાસે ગઇ હોય તો તેઓ ઘણાં ધર્મિષ્ટ અને ઉત્તમ ક્ષત્રિય હોઈ તેને આશ્રય આપે એવો સંભવ નહોતો તેથી અનુમાન થાય છે કે તેણે આત્મહત્યા કરી હશે" મદનમંજરીએ પદ્મકુંવરીના કહેવા મુજબ યોગિનીને કહ્યું.

'બેન! એક વખત પ્રેમસાગર આંહી આવ્યા હતા ત્યારે મારા

પુજ્ય ગુરૂજી કે જે હાલ સમાધિષ્ટ છે તેઓશ્રીને તેણે છબીસુંદરી વિષે પુછ્યું હતું. ગુરૂજી સમાધી લક્ષવડે ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણી શકવાથી તેઓએ પ્રેમસાગરને જવાબ દીધો કે એ નીચકર્મ કરવાને તૈયાર થએલી દુષ્ટા હજી જીવે છે. તેના માબાપે આશ્રય ન આપ્યો પણ મહાસાગર કે અગ્નિ અથવા કોઈ શસ્ત્રઅસ્ત્રે પણ આશ્રય નથી આપ્યો પોતાના કરેલ દુષ્કર્મોનો પાશ્ચાતાપ કરતી વનેવન રણેરણ રઝળે છે. રખડે છે. ભટકે છે. અને પોતાના વહાલા પુત્ર પ્રેમસાગરના એક વખતજ દર્શન થઇ પુરા વાત્સલ્ય સ્નેહે ભેટી પોતાની જીંદગી સફળ કરવા માગે છે.

બાઇ ! બાઇ ! ! ! જ્ઞાનછબી ! ! તમે ક્યાં ગયા ? જુઓ તો ખરા ! માતાજીને કાંઇક થઇ આવ્યું. એ શુદ્ધ થઇ જમીન ઉપર પડી ગયાં જુઓ આંખોમાંથી અઢગળ આંસુઓ અને મોંમાંથી ફીણ ચાલ્યાં જાય છે અરે ! હમણાં વાત કરતાં કરતાં શું થઇ આવ્યું ? " મદનમંજરી ગાભરી બની જ્ઞાનછબીને બોલાવવા લાગી.

"બેન માતાજીને વારંવાર આવી રીતે ડુમો ભરાઇ આવી તે બેશુદ્ધ થઈ જાય છે હમણાં ઠીક થઇ જશે હું તેઓના મોઢા ઉપર પાણી છાંટુંછું તમે પવન નાંખો. " જ્ઞાનછબી તથા મદનમંજરી ઠંડા ઉપચાર કરવા લાગ્યાં એટલે કેટલીકવારે યોગિનીને શુદ્ધિ આવતાં મદનમંજરી ખુશી થઇ.

"બેન હું એકાએક પડીગઇ તેથી તને ફિકર થઇ હશે ? કોઇ કોઇ વખત મને આવી રીતે થઇ જાય છે. બેટા જ્ઞાનછબી ! તું તારા અભ્યાસમાં લાગ. " યોગિનીએ કહ્યું.

'માતાજી ! મારી એક અરજ છે. જો હુકમ હોયતો કહું " મદનમંજરી.

"બેટા ! તારે શું કહેવું છે ? પ્રેમસાગર હાલ ક્યાં છે ? ક્યારે તને મળશે વગેરે ગુરૂજીને પુછવું છે ?" યોગિની

"હા એ પણ ખરૂં " મદનમંજરી.

" ઉપરાંત બીજું શું કહેવું છે ? યોગીની.

"બીજું આપનેજ પુછવું છે. તેમાં ગુરૂજીને તસ્તી આપવાની અગત્ય નથી " મદનમંજરી.

"ખુશીથી તારે જે પુછવું હોય તે પુછ. મારી બુદ્ધિ અનુસાર ગુરૂપ્રતાપે ખુલાસા કરીશ" યોગિની.

"માતુશ્રી! મારે એ પુછવું છે કે આપ આંહી કેટલાંક વર્ષ થયાં બીરાજો છો? આપનું દૂધ કોણ છે? આવા પરમ પુજ્ય પરોપકારી મહાત્મા કેવી રીતે મળ્યા? સંસાર શા માટે તજ્યો? જો આપે સસાર છોડયો તો ભાઇ જ્ઞાનછબીની પ્રાપ્તિ શા પ્રકારે થઈ? અવિનય માટે માફ કરજો. મારા અંતઃકરણમાં અનેક પ્રકારે શંકા ઉપજવાથી આપને પુછુંછું." મદનમંજરી

"બેટા! મારૂં વૃત્તાંત ઘણું શોચનિય છે. પ્રથમ હું તારા જેવી સંસારી હતી ત્યાં મારા પતિ વિર્યથી જ્ઞાનછબીની પ્રાપ્તિ આ સ્થળે થઈ છે. ગુરૂજીના દર્શન ઈશ્વરેચ્છાએ થઇ ગયાં, સંસાર પરથી મારા કરેલાં કેટલાંક અકૃત્યો પ્રભાવે અભાવ થતાં અને ગુરૂ બોધ લાગતાં ભગવતસ્મરણમાં જીંદગી ગુજારવાનું યોગ્ય ધાર્યું તેથી આંહી રહી છું અનિત્ય સંસારમાં મને ભાવ રહ્યો નથી. તો પણ કેટલાંક કારણોને લીધે મારો આ સન્યાસ શાન્ત નથી. તેથી હું ઉભય ભ્રષ્ટછું. મારા કરતાં તું અસંખ્ય ગણી વધારે શ્રેષ્ટ છે એમ મારૂં ચોકસ ધારવું છે. જ્યારે ગુરૂ દયા વડે મારી માનસિક કલ્પના સિદ્ધ થશે ત્યારે હું શાન્ત યોગિનીની દશાએ પામીશ. પુત્રી વખત ઘણો ગયો છે ચાલ સાયંસ્નાન કરી આવીએ. હવેથી આ કર્મ કથની છોડી કાલથી શ્રીમદ્ભગવત ગીતાનું વિવેચન ચલાવીશું." યોગિની.

પ્રથમ ભાગ સંમાપ્ત.

श्री रामचंद्रः श्रियमातनोतु
सीता सहायोमुनि धर्मपत्न्याः ।
यस्यांघ्रिमूलेऽम्बुजरेणुरासित्
अस्म व्रतोद्यापन कर्महेतुः ॥

५

प्रसीदन्तु महादेवाः ब्रह्म विष्णु महेश्वराः ।
आर्यनृरत्नो पकाराय गतराज्यस्य प्राप्तये ॥
भारतेऽस्मिन् वर्षे प्रकुर्वंतु मातरम्वंदे ।
नरा भवंतु सर्वे स्वदेशो स्थित्यु दयाय ॥

અગાઉથી ગ્રાહક થનાર સાહેબોનાં મુબારક નામ.

૨૦૧ શ્રીયુત ઠા. શ્રી ૫ શામજી માધવજી માનસાતા બાલંભા.

૫)	નામદાર દરબારશ્રી માનસિંગજી સાહેબ.	રાજપર.
૫)	નામદાર દરબારશ્રી દાદુભાસાહેબ.	,,
૧)	શુકલ શ્રી દેવશંકર ધનેશ્વર.	,,
૧)	વશરામ આણુદા કંટ્રાકટર	કચ્છ-ભુજ.
૫)	થીત્રી ગાંગજી કરશન	કચ્છ
૧)	ઠા. આણંદજી પરમાનંદ	અર્દાયા-મેહરડ.
૧)	પાંચા મુળજી મીસ્ત્રી	બાલંભા.
૧)	ઠા. ભગવાનજી દેવકરણ	જોડીયા.
૧)	ભાં દ્વારકાદાશ એચરભ	,,
૧)	રા. રા. મે. વશરામ પીતાંબર.	રાજકોટ.
૧)	દેવચંદ ચતુર્ભુજ કોઠારી.	કોચીન.
૫)	શ્રીયુત્ ભગતશ્રીજી ધરમશી પદમશી ગોવિંદરામભાઇ	જોડીયા.
૧)	રા. રા. ઠાકરશી ભીમજી	રાજકોટ.
૧)	દેવજી ધરમશી ઓઇલમરચંટ	મુંબઇ.
૧)	ગ. ઠા. વાધજી જેઠાભાઇ તેલવાળા	,,
૧)	મી. મણીશંકર કરૂણાશંકર યાજ્ઞિક.	,,
૧)	રા. રા. ગોરધનદાસ ખીમજી	ખંભાળીયા.
૧)	રા. રા. મુગટરામ અમ્રતલાલ.	કલકત્તા.
૧)	રા. રા. ગોવરધનલાલ ગોપાલજી	સીતાપુર.
૧)	રા. મોતીલાલ પરસોત્તમ	ખાખરેચી.
૧)	રા. મોહનલાલ પરસોતમ	માનીરેચી.
૧)	રા. મોતીલાલ રામજી	ખાખરેચી.
૧)	રા. પોપટલાલ જુઠા.	એકલાપ.
૨)	રા. અમ્રતલાલ સોમચંદ	જામનગર

૧)	બાં માનજી નરશી	બાલંબા.
૧)	મીઞી શવજી નારણુ	,,
૧)	મીઞી ભામા વશરામ	,,
૧)	રા. અંબારામ હરિભાઇ	વીરમગામ.
૧)	રા. રેવાદાશ નારણુદાસ	સુરત.
૧)	મીઞી હસન મદારબક્ષ	કોન્ડાળી.
૧)	રા. મુસા મદારબક્ષ	રાજકોટ.